# મનીષ વી. સોજીત્રા

(ટેક્ષેશન & ઈન્ડસ્ટ્રીયલ કન્સલટન્ટ)

૬૦૫,સ્ટાર પ્લાઝા,
ફુલછાબ ચોક,
રાજકોટ.
ફોન નં.૩૨૯૧૬૭૮,૨૪૫૫૬૭૮ **મો.૯૮૨૫૨ ૨૦૬૭૮**

૯,મરીયમબાગ,૧લો માળે,
મોંઘીબા ગર્લ્સ સ્કુલ સામે,
ગોંડલ.
ફોનનં. ૨૩૦૬૭૮/૨૨૦૬૭૮

પ્રતિશ્રી, **તા.૦૧/૦૭/૨૦૧૦**

.જય ભારતસાથ જણાવવાનું કે તાજેતરના વેલ્યુએડેડ ટેકસ **(VAT)** કાયદામાં આવેલ સુધારા અનુસાર નીચેની બાબતની ગંભીરતાથી નોંધ લેવી.

**રીસેલ કરતા વેપારીઃ–**

- તા.૦૧/૦૭/૧૦થી રાજય બહાર માલનું વેચાણ કરવામાં આવશે તો આવા વેચાણ થયેલ માલની રાજયમાંથી કરેલ ખરીદી કિંમતના ૨% જેટલી રકમ કુલ ટેક્ષ ક્રડીટ માંથી ઘટાડવાની રહેશે.

**ઉત્પાદન કરતા વેપારીઃ–**

- ઉત્પાદીત માલનું આંતર રાજય વેચાણ કરવામાં આવેલ હશે. તો આવા માલના વેચાણમાં વપરાયેલ કાચો માલ, પેકીંગ મટીરીયલ વગેરે જો રાજય માંથી ખરીદ કરેલ હશે તો આવી ખરીદી કિંમતના ૨% જેટલી રકમ કુલ ટેક્ષ ક્રેડીટ માંથી ઘટાડવાની રહેશે.

**યુ.આર.ડી ખરીદીઃ–**

- ઉત્પાદન તથા રીસેલ બન્ને પ્રકારના વ્યવહારમાં જો બિન નોંધાયેલ વેપારી **(U.R.D)**ની ખરીદી હોય અને આવો માલ આંતર રાજય વેચાણમાં જતો/વપરાતો હોય તો પણ આવી **U.R.D** ખરીદીની રકમના ૨% વેરો ભરવાની જવાબદારી ઉપસ્થિત થશે.
- ઉપરોકત ૨%ની કપાત સોનું, ચાંદી તથા તેના દાગીના કે જેમાં વેટ ૧%નો દર છે, તેને લાગુ પડશે નહી.
- ઉપરોકત જોગવાઈ ભારત બહારના વેચાણ (નિકાસ), બ્રાંચ ટ્રાન્સફર તથા જાંગડ રવાનગીના વ્યવહારોને લાગુ પડશે નહી.
- ઉપરોકત જોગવાઈ 'સી' ફોર્મ સામે હોય કે 'સી' ફોર્મ સિવાય હોય બન્ને પ્રકારના વેચાણમાં લાગુ પડશે.
- ઉપરોકત જોગવાઈ આયત, આંતર રાજય તથા કરમુકત ખરીદીને લાગુ પડશે નહી.

## ઉદાહરણઃ–

| | | ૩૦/૦૬/૧૦ સુધી | ૦૧/૦૭/૧૦ થી |
|---|---|---|---|
| ➢ રાજય બહારનું વેચાણ | ૧,૦૦,૦૦૦/– | | |
| ➢ આવા વેચાણ ફોર્મ–સી સામે હોય તો ઉઘરાવેલ **CST** | | ૨૦૦૦/– | ૨૦૦૦/– |
| ➢ ઉપરોકત વેચાણ થયેલ માલમાં જતો/વપરાયેલ માલની ખરીદ કિંમત | ૯૦,૦૦૦/– | | |
| ➢ ઉકત ખરીદ કિંમત પર ચુકવેલ ૪% **VAT** | | ૩૬૦૦/– | ૩૬૦૦/– |
| ➢ ઉકત ખરીદ કિંમત રૂ.૯૦,૦૦૦/–ના ૨%ની કપાત | | | ૧૮૦૦/– |
| ➢ **મળવાપાત્ર ટેક્ષ ક્રેડીટની રકમ** | | ૩૬૦૦/– | ૧૮૦૦/– |
| ➢ જમા રહેતી ટેક્ષ ક્રડીટ | | ૧૬૦૦/– | **NIL** |
| ➢ **ભરવાપાત્ર વેરો** | | **NIL** | ૨૦૦/– |

આમ તા.૦૧/૦૭/૧૦ બાદ ઉકત અંદાજીત ઉદાહરણ મુજબ રાજય માંથી કરેલ રૂ.૯૦,૦૦૦/–ની ખરીદીની કિંમતના ૨% મુજબ રૂ.૧૮૦૦/– વેપારીએ ભોગવવાનો રહેશે, જે રકમ ખરીદનાર વેપારી પાસેથી ઉઘરાવી શકાશે નહી.

આપનો વિશ્વાસુ